# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૨૯ તા.૧૯-૦૬-૨૦૨૩

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

વિષય :- ''કલા ઉત્સવ'' કાર્યક્રમ હેઠળ વિવિધ સ્પર્ધાઓ તથા નિપુણ ભારત અંતર્ગત ધો.૧ થી ૮માં વાર્તા સ્પર્ધા યોજવા બાબત.

સંદર્ભ :- (A) ક્રમાંક : જીસીઈઆરટી/કલા ઉત્સવ /૨૦૨૩/૧૭૬૫૦-૧૭૭૪૫ તા.૧૬-૦૬-૨૦૨૩
(B) ક્રમાંક : જીસીઈઆરટી/સીએન્ડઈ/૨૦૨૨-૨૩/૧૭૯૨૧-૧૮૦૨૧ તા.૧૭-૦૬-૨૦૨૩

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકોને ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે,

(A) રાજય સરકાર દ્વારા વિદ્યાર્થીઓમાં ચિત્રકલા કૌશલ્ય , સાહિત્ય રચનાનું કૌશલ્ય, વાદ્ય વગાડવાનું કૌશલ્ય વગેરે જેવા વિવિધ કૌશલ્યોના વિકાસના ભાગરૂપે વિદ્યાર્થીઓમાં રહેલી વિવિધ કલા અને પ્રતિભાને પ્રેરણા અને પ્રોત્સાહન પુરૂ પાડી શકાય અને પ્રતિભા સંપન્ન વિદ્યાર્થીઓને માર્ગદર્શન મળે તે માટે ચાલુ વર્ષે કલા ઉત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. આ ઉત્સવની થીમ '' જી.૨૦ વસુધૈવ કુટુમ્બકમ '' રાખવામાં આવેલ છે. આ સાથે સામેલ સંદર્ભિત પત્ર (A) મુજબ વિવિધ સ્પર્ધાઓ યોજવા જણાવવામાં આવે છે.

(B) ગુજરાત રાજયમાં વર્ષ ૨૦૨૨-૨૩ ને 'બાળવાર્તા વર્ષ' તથા ગીજુભાઈ બધેકાના જન્મદિવસ ૧૫ નવેમ્બરને પ્રતિવર્ષ 'બાળવાર્તા દિન' તરીકે ઉજવવાનું ઠરાવવામાં આવેલ છે. આ સાથે સામેલ સંદર્ભિત પત્ર (B)માં દર્શાવેલ સૂચનો અને માર્ગદર્શન મુજબ ધો.૧ થી ૮માં વાર્તા સ્પર્ધાનું આયોજન કરવા જણાવવામાં આવે છે.

બિડાણ :- સંદર્ભિત પત્ર (A) અને (B)

તા.૧૯-૦૬-૨૦૨૩

ડૉ.એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

ક્રમાંક:જીસીઇઆરટી/કલા ઉત્સવ/2023/ 17650-17745
ગુજરાતશૈક્ષણિકસંશોધનઅનેતાલીમપરિષદ
વિધાભવન., સેક્ટર-૧૨, ગાંધીનગર
ફોન.નિયામક:(079) 23256808-39
નિયામક:(079) 23256808
સચિવ:(079) 23256813
ફેક્સ :(079) 23256812
ઇ-મેલ :director-gcert@gujarat.gov.in
Web : www.gcert.gujarat.gov.in
તા. 16 JUN 2023

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
શાસનાધિકારીશ્રી,તમામ
પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ

**વિષય: "કલા ઉત્સવ " કાર્યક્રમ હેઠળ વિવિધ સ્પર્ધાઓ યોજવા બાબત**
**સંદર્ભ: શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: જશભ/૧૨૧૬/૧૩૩/ન તા. ૫/૫/૨૦૧૬**

**શ્રીમાન,**

સવિનય ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ ઠરાવ અન્વયે જણાવવાનું કે રાજ્ય સરકારશ્રી દ્વારા વિદ્યાર્થીઓમાં ચિત્રકલા કૌશલ્ય, સાહિત્ય રચનાનું કૌશલ્ય, વાદ્ય વગાડવાનું કૌશલ્ય વગેરે જેવા વિવિધ કૌશલ્યોના વિકાસના ભાગરૂપે વિદ્યાર્થીઓમાં રહેલી વિવિધ કલા અને પ્રતિભાને પ્રેરણા અને પ્રોત્સાહન પુરું પાડી શકાય તથા પ્રતિભા સંપન્ન વિદ્યાર્થીઓને માર્ગદર્શન મળે તે માટે વર્ષ 2023-24માં જીસીઇઆરટી, ગાંધીનગર દ્વારા કલા ઉત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

**કલા ઉત્સવ કાર્યક્રમની થીમ G20 – वसुधैव कुटुम्बकम– One Earth. One Family. One Future**

ઉક્ત થીમના ભાગરૂપે કલા ઉત્સવમાં ચિત્ર સ્પર્ધા, બાળકવિ સ્પર્ધા, સંગીત (ગાયન અને વાદન)નું આયોજન દરેક જિલ્લામાં શાળા કક્ષાથી શરૂ કરી જિલ્લા કક્ષાએ કરવાનું થાય છે. આ કાર્યક્રમ ડાયટ પ્રાચાર્યશ્રી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, શાસનાધિકારીશ્રી અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રીના સંકલનથી કરવાનું રહેશે.

નીચેની સૂચનાઓને અને સામેલ સ્પર્ધાનો સમયગાળાને ધ્યાને લઇ જિલ્લાકક્ષાએથી જરૂરી આયોજન કરવા જણાવવામાં આવે છે.

1) રાજ્યમાં આવેલ તમામ સરકારી, ગ્રાંટ-ઇન-એઇડ અને સ્વનિર્ભર ઉચ્ચ પ્રાથમિક અને માધ્યમિક-ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં G20 થીમ આધારિત કલા ઉત્સવમાં વિવિધ સ્પર્ધાઓ જેવીકે ચિત્રકલા, બાળકવિ સંમેલન, સંગીત સંમેલન (ગાયન અને વાદન) નું આયોજન ફરજિયાત કરવાનું રહેશે
2) આ સ્પર્ધા ત્રણ વિભાગમાં યોજવામાં આવશે.

| | | |
|---|---|---|
| i. | પ્રાથમિક વિભાગ | ધોરણ – 6 થી 8ના વિદ્યાર્થીઓ માટે |
| ii. | માધ્યમિક વિભાગ | ધોરણ – 9 થી 10ના વિદ્યાર્થીઓ માટે |
| iii. | ઉચ્ચત્તર માધ્યમિક વિભાગ | ધોરણ – 11 થી 12ના વિદ્યાર્થીઓ માટે |

3) **શાળા કક્ષાની સ્પર્ધા :** સર્વ પ્રથમ શાળા કક્ષાએ કલા ઉત્સવ હેઠળ યોજવાની થતી ચિત્રકળા, બાળકવિ, સંગીત (ગાયન અને વાદન) સ્પર્ધાનું આયોજન કરવાનું રહેશે. શાળા કક્ષાએ પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમના સ્પર્ધકને પસંદ કરવાના રહેશે અને તે પૈકી દરેક વિભાગમાંથી માત્ર પ્રથમ ક્રમના વિજેતા સ્પર્ધકની એન્ટ્રી સી.આર.સી./ ક્યુ.ડી.સી. કક્ષાની સ્પર્ધા માટે મોકલવાનીરહેશે.

4) **કલસ્ટર / ક્યુ.ડી.સી. કક્ષાની સ્પર્ધા :** કલસ્ટર / ક્યુ.ડી.સી. કક્ષાએ શાળાઓમાંથી વિવિધ સ્પર્ધાઓ માટે આવેલ પ્રથમ ક્રમના સ્પર્ધકોની એન્ટ્રીને આધારે સ્પર્ધાઓ યોજી તે પૈકી પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમના સ્પર્ધકની પસંદગી કરવાની રહેશે અને તે પૈકી દરેક વિભાગમાંથી માત્ર પ્રથમ ક્રમના વિજેતા સ્પર્ધકની એન્ટ્રી તાલુકા / એસ.વી.એસ. કક્ષાની સ્પર્ધા માટે મોકલવાની રહેશે.

5) **તાલુકા / એસ.વી.એસ. કક્ષાની સ્પર્ધા :** તાલુકા કક્ષાએ કલસ્ટર /ક્યુ.ડી.સી.માંથી વિવિધ સ્પર્ધાઓ માટે આવેલ પ્રથમ ક્રમના સ્પર્ધકોની એન્ટ્રીને આધારે સ્પર્ધાઓ યોજી તે પૈકી પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમના સ્પર્ધકની પસંદગી કરવાની રહેશે અને તે પૈકી દરેક વિભાગમાંથી માત્ર પ્રથમ ક્રમના વિજેતા સ્પર્ધકની એન્ટ્રી જિલ્લા કક્ષાની સ્પર્ધા માટે મોકલવાનું રહેશે. તાલુકા કક્ષાની સ્પર્ધાનું સંકલન તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી, બી.આર.સી. કો.ઓ અને એસ.વી.એસ. કન્વીનર સાથે રહી કરશે.

6) **જિલ્લા કક્ષાની સ્પર્ધા :** જિલ્લા કક્ષાએ તાલુકા કક્ષા/એસ.વી.એસ.માંથી વિવિધ સ્પર્ધાઓ માટે આવેલ પ્રથમ ક્રમના સ્પર્ધકોની એન્ટ્રીને આધારે સ્પર્ધાઓ યોજી તે પૈકી પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમના સ્પર્ધકની પસંદગી કરવાની રહેશે અને તે પૈકી દરેક વિભાગમાંથી માત્ર પ્રથમ ક્રમના વિજેતા સ્પર્ધકની એન્ટ્રી રાજ્ય કક્ષાની સ્પર્ધા માટે મોકલવાની રહેશે. જિલ્લા કક્ષાની સ્પર્ધા ડાયેટ દ્વારા યોજવાની રહેશે.

7) કલા ઉત્સવ હેઠળ યોજવાની થતી ચિત્રકળા, બાળકવિ, સંગીત (ગાયન અને વાદન) સ્પર્ધાઓ માટે સ્પર્ધાદીઠ નીચે મુજબ ઇનામ આપવાના રહેશે.

| ક્રમ | વિગત | પ્રથમ ઇનામ (રૂ.) | દ્વિતીય ઇનામ (રૂ.) | તૃતીય ઇનામ (રૂ.) |
|---|---|---|---|---|
| ૧ | કલસ્ટરકક્ષા (ધોરણ 6 થી8 ) | 300 | 200 | 100 |
| ૨ | ક્યુડીસીકક્ષા (ધોરણ 9 થી 10) | 300 | 200 | 100 |
| ૩ | ક્યુડીસીકક્ષા (ધોરણ 11 થી 12) | 300 | 200 | 100 |
| ૪ | બીઆરસી કક્ષા (ધોરણ 6 થી 8 ) | 500 | 300 | 200 |
| ૫ | એસવીએસકક્ષા (ધોરણ 9 થી 10) | 500 | 300 | 200 |
| ૬ | એસ.વી.એસ.કક્ષા(ધોરણ 11 – 12) | 500 | 300 | 200 |
| ૭ | જિલ્લાકક્ષા (ધોરણ 6 થી 8) | 1000 | 800 | 500 |
| ૮ | જિલ્લાકક્ષા (ધોરણ 9 થી 10) | 1000 | 800 | 500 |
| ૯ | જિલ્લાકક્ષા (ધોરણ 11 થી 12) | 1000 | 800 | 500 |

8) જિલ્લા કક્ષાથી લઇને સીઆરસી/ક્યુ.ડી.સી. કક્ષા સુધીના ઇનામ વિતરણ માટે ડાયટ મારફતે ગ્રાંટનું વિતરણ કરવાનું રહેશે.વિવિધ કક્ષાએ સ્પર્ધા માટે ફાળવાની થતી ગ્રાંટ કાર્યક્રમ શરૂ થતા પહેલા ફાળવવામાં આવશે.

9) તમામ ચાર સ્પર્ધાઓ ચિત્ર સ્પર્ધા, બાળકવિ સ્પર્ધા, સંગીત (ગાયન અને વાદન) માટેનો સમયગાળો નીચે મુજબ રહેશે.

| વિભાગ | સ્પર્ધાનો તબક્કો | સમયગાળો |
|---|---|---|
| પ્રાથમિક વિભાગ, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ | શાળા કક્ષાએ | તા. 10, જુલાઇ થી 17, જુલાઇ સુધી પૂર્ણ કરવી. |
| | સીઆરસી/ક્યુડીસી કક્ષાએ | તા. 24, જુલાઇ થી 1 ઓગષ્ટ સુધી પૂર્ણ કરવી. |
| | બીઆરસી/એસવીએસ કક્ષાએ | તા.7 ઓગષ્ટ થી 14 ઓગષ્ટ સુધી પૂર્ણ કરવી. |
| | જિલ્લા કક્ષાએ | તા.11 સપ્ટેમ્બરથી 22 સપ્ટેમ્બર સુધી પૂર્ણ કરવી. |
| | ઝોન કક્ષાએ | તા.25 ઓક્ટોબરથી 30 સુધી ઓક્ટોબર સુધી પૂર્ણ કરવી. |
| | રાજ્યકક્ષાએ | તા. 1 ડિસેમ્બરથી 8 ડિસેમ્બર દરમિયાન યોજવામાં આવનાર છે. |

ઝોન કક્ષાની સ્પર્ધા નીચેના ઝોન મુજબ કરવામાં આવનાર છે. ઝોન અને રાજ્યની તારીખ અને જિલ્લામાં ફેરફર પરિસ્થિતી મુજબ થઇ શકે છે.

| | |
|---|---|
| ઉત્તર ઝોન **પાટણ** | (1) અમદાવાદ(ગ્રા), (2) અમદાવાદ(શ), (3) ગાંધીનગર, (4) મહેસાણા, (5) પાટણ, (6) સાબરકાંઠા, (7) અરવલ્લી, (8) બનાસકાંઠા |
| દક્ષિણ ઝોન **ભરૂચ** | (1)ડાંગ, (2) વલસાડ, (3) નવસારી, (4) સુરત, (5) તાપી, (6) ભરૂચ, (7) નર્મદા |
| મધ્ય ઝોન **આણંદ** | (1) વડોદરા, (2) છોટાઉદેપુર, (3) આણંદ, (4) સંતરામપુર, (5) પંચમહાલ, (6) દાહોદ, (7) ખેડા |
| સૌરાષ્ટ્ર - ૧ **રાજકોટ** | (1) સુરેન્દ્રનગર, (2) ભાવનગર, (3) બોટાદ, (4) રાજકોટ, (5) મોરબી, (6) કચ્છ |
| સૌરાષ્ટ્ર - ૨ **પોરબંદર** | (1) જામનગર, (2) દેવભૂમિ દ્વારકા, (3) પોરબંદર, (4) અમરેલી, (5) જુનાગઢ, (6) ગીર સોમનાથ |
| રાજ્યકક્ષા **અમરેલી** | તાપી, વલસાડ, જામનગર, અમરેલી, સુરત, નર્મદા |

10) સ્પર્ધાના આયોજન માટે જીસીઇઆરટી દ્વારા આપવમાં આવેલ થીમ અને સમય આયોજનનું ચુસ્તરીતે પાલન કરવાનું રહેશે.

11) આ ઉપરાંત તમામ ચાર સ્પર્ધાઓ માટે પ્રત્યેક તબક્કે મૂલ્યાંકન સમિતિની રચના કરવાની રહેશે. મૂલ્યાંકન સમિતિના સભ્યોની પસંદગી માટે નીચે મુજબની બાબતો ધ્યાને લેવાની રહેશે.

| કક્ષા | ધોરણ 6 થી 12 |
|---|---|
| તજજ્ઞોની પસંદગીના ધોરણો | • ચિત્ર સ્પર્ધા માટે- ચિત્ર જાણકાર શિક્ષક /નિવૃત્ત શિક્ષક કે આ સબંધી અન્ય જાણકાર વ્યકિત / તાલુકા કક્ષાએ તાલુકાના જાણકાર અને જિલ્લાકક્ષાએ જિલ્લાના જાણીતા ચિત્રકારની પસંદગી કરવાની રહેશે.<br>• કવિ સ્પર્ધા માટે- સાહિત્યના જાણકાર શિક્ષક/નિવૃત્ત શિક્ષક કે આ સબંધી અન્ય જાણકાર વ્યકિત / તાલુકા કક્ષાએ તાલુકાના જાણકાર અને જિલ્લાકક્ષાએ જિલ્લાના જાણીતા સાહિત્યકાર/કવિની પસંદગી કરવાની રહેશે.<br>• સંગીત સ્પર્ધા માટે- સંગીત (ગાયન અને વાદન) ના જાણકાર શિક્ષક/નિવૃત્ત શિક્ષક કે આ સબંધી અન્ય જાણકાર વ્યકિત/ તાલુકા કક્ષાએ તાલુકાના જાણકાર અને જિલ્લાકક્ષાએ જિલ્લાના જાણીતા ગાયક અને વાદકની પસંદગી કરવાની રહેશે. વ્યકિતનો સમાવેશ કરવાનો રહેશે. |
| શાળા કક્ષાએ | શાળા આચાર્ય નક્કી કરશે. |
| ક્લસ્ટર/ક્યુ.ડી.સી. કક્ષાએ | પ્રાથમિક વિભાગ માટે તજજ્ઞો સી.આર.સી.કો.ઓ તેમજ માધ્યમિક વિભાગ માટે ક્યુ.ડી.સી. કો-ઓર્ડીનેટર નક્કી કરશે. |
| બીઆરસી/એસવીએસ કક્ષાએ | તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી, અને બી.આર.સી. કો.ઓ. સાથે મળી નક્કી કરશે. |
| જિલ્લા કક્ષાએ | ડાયેટ પ્રચાર્ય, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અને જિલ્લા શિક્ષણાધિકારી સાથે મળી નક્કી કરશે. |

12) તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ તથા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રાચાર્યશ્રીઓએ આ સ્પર્ધાઓને સફળ બનાવવા જિલ્લા કક્ષાએ કરવાની થતી કામગીરી પરસ્પર સંકલનમાં રહીને કરવાની રહેશે.

13) નીચેની સૂચનાઓ, નિયમો અને ગુણાંકન મુજબ જિલ્લા કક્ષાએથી ડાયેટ પ્રાચાર્યશ્રી, ડીઇઓશ્રી, ડીપીઇઓશ્રી, અને શાસનાધિકારીશ્રીના સંકલનથી કામગીરી હાથ ધરવાની રહેશે.

**સામાન્ય સૂચનાઓઃ**

1. કલા ઉત્સવ હેઠળ યોજાનાર વિવિધ સ્પર્ધામાં સરકારી, ગ્રાન્ટેડ, ખાનગી શાળા, આદર્શ નિવાસી શાળા, આશ્રમશાળા, કે.જી.બી.વી. વગેરે શાળાના ઉચ્ચ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ ભાગ લઇ શકશે.
2. શાળા કક્ષાએથી લઇને સી.આર.સી/ક્યુ.ડી.સી. કક્ષાએ, બી.આર.સી./એસ.વી.એસ. કક્ષાએ, જિલ્લા કક્ષાએ ભાગ લેનાર વિદ્યાર્થીઓની સંખ્યાનું પત્રક નિભાવવાનું રહેશે.
3. કોઇપણ સ્પર્ધક એક સાથે બે સ્પર્ધામાં ભાગ લઇ શકશે નહી

4. કલા ઉત્સવનો હેતુ વિદ્યાર્થીઓમાં રહેલ વિશિષ્ટ કૌશલ્યોની ઓળખ અને તેની પ્રતિભા વિકસાવવાનો છે. વિદ્યાર્થીઓ વચ્ચે સ્પર્ધા કરાવવાનો ઇરાદો નથી. સ્પર્ધાની જુદા જુદા ક્ષેત્રમાં વહેંચણી થયેલ હોઇ ( શાળા, સી.આર.સી, તાલુકા, જિલ્લા, રાજ્ય) આગળના તબક્કામાં સ્પર્ધકને મોકલી આપવા પુરતું વિદ્યાર્થીને ક્રમ આપવામાં આવે છે. આ પ્રક્રિયા દરમિયાન સ્પર્ધા અને આયોજનના સુચારું સંચાલન માટે આયોજકનો નિર્ણય આખરી ગણાશે અને તે દરેક સ્પર્ધકને બંધનકર્તા રહેશે.

❖ **ચિત્ર સ્પર્ધા**

1. સ્પર્ધાનો સમયગાળો ૨ કલાકનો રહેશે.
2. આપેલ વિષયને અનુરૂપ ચિત્ર કાર્યક્રમના સ્થળે જ દોરવાનું રહેશે.
3. સ્પર્ધા માટે કાગળ 12" X 18" પ્રમાણે દરેક સ્પર્ધકોને આયોજક તરફથી આપવામાં આવશે. કાગળ સિવાયની ચિત્ર માટેની અન્ય સાધન સામગ્રી સ્પર્ધકે જાતે લાવવાની રહેશે.
4. નિર્ણાયકોનો નિર્ણય આખરી ગણાશે.

**ગુણાંકન પત્રક**

| કમ્પોઝીશન | કલર સ્કીમ | ટેક્નીક | વસ્તુલક્ષી નિરૂપણ | ચિત્ર અને આકારમાં સપ્રમાણતા | કુલ ગુણ |
|---|---|---|---|---|---|
| 20 | 20 | 20 | 20 | 20 | 100 |

❖ **બાળકવિ સ્પર્ધા**

1) સ્પર્ધાનો સમયગાળો ૧ કલાકનો રહેશે. આ સ્પર્ધામાં સ્પર્ધક મનપસંદ કવિતા રચી શકશે.
2) આ કવિતા ગુજરાતી અથવા હિન્દી ભાષામાં સ્થળ પર રચવાની રહેશે તેમજ તેને નિર્ણાયક સમક્ષ રજૂ કરવાની રહેશે.
3) દરેક સ્પર્ધકને કવિતા રજૂ કરવા માટે મહત્તમ ૭ મિનિટનો સમય આપવામાં આવશે.
4) સ્પર્ધકને કોલ આપ્યા બાદ ૨ મિનિટમાં રજૂઆત માટે ઉપસ્થિત થશે નહીં તો તે સ્પર્ધા માટે ગેરલાયક ઠરશે જે અંગેનો આયોજકોનો નિર્ણય આખરી ગણાશે.
5) સ્પર્ધા માટે A4 Size ના કાગળ દરેક સ્પર્ધકોને આયોજક તરફથી આપવામાં આવશે.કાગળ સિવાયની અન્ય સાધન સામગ્રી સ્પર્ધકે જાતે લાવવાની રહેશે.
6) નિર્ણાયકોનો નિર્ણય આખરી ગણાશે.

ગુણાંકન પત્રક

| છંદ વગેરે (જો હોય તો) | વિચારોની મૌલિકતા અને તેનું આયોજન | કલ્પના, ઉર્મિ, અલંકાર વગેરે | રજૂઆતની શૈલી | સમગ્ર છાપ | કુલ |
|---|---|---|---|---|---|
| 15 | 20 | 20 | 15 | 30 | 100 |

❖ **સંગીત ગાયન સ્પર્ધા**

1) પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં પ્રાર્થના/ દેશભક્તિ ગીત/લોકગીત/ભજન કોઇપણ એકની રજૂઆત કરવાની રહેશે
2) દરેક સ્પર્ધકને વિષય આધારિત ગાયકી રજૂ કરવા માટે ૫ મિનિટનો સમય આપવામાં આવશે.
3) સ્પર્ધક પ્રાર્થના કે દેશભક્તિ ગીતની પસંદગી ભારતીય સાહિત્યમાંથી કરી શકશે.
4) સ્પર્ધકે વાંજિત્ર વગાડનારની વ્યવસ્થા જાતે કરવાની રહેશે.
5) ગાયકી સમયે સ્પર્ધકની વેશભૂષાને ધ્યાને લેવામાં આવશે નહીં.
6) સ્પર્ધા દરમ્યાન સ્પર્ધક પ્રિ- રેકોડેડ મ્યુઝીકનો ઉપયોગ કરી શકશે નહીં.
7) નિર્ણાયકોનો નિર્ણય આખરી ગણાશે.

ગુણાંકન પત્રક

| ગાવાની શૈલી અને સૂરીલાપણું | ભાવ લઢણ | તાલ લઢણ | અવાજની ગુણવત્તા | સમગ્ર છાપ | કુલ |
|---|---|---|---|---|---|
| 45 | 10 | 10 | 5 | 30 | 100 |

❖ **સંગીત વાદન સ્પર્ધા**

1) સ્પર્ધકે લોકવાધો/શાસ્ત્રીય વાધોના ઉપયોગથી રજૂઆત કરવાની રહેશે જે માટે સ્પર્ધકને ૫ મિનિટનો સમય આપવામાં આવશે.

પ્રાથમિક વિભાગ, માધ્યમિક વિભાગ અને ઉચ્ચત્તર માધ્યમિક વિભાગમાં આપેલ સંગીતના વાધો પૈકી કોઇપણ એકની સ્પર્ધકે રજૂઆત કરવાની રહેશે. લોકવાધો અને શાસ્ત્રીય વાધો એકતારો, રાવણહથ્થો, મોરચંગ, પાવો-જોડિયા પાવા), ઢોલ, શરણાઇ ,તબલા, ઢોલક હાર્મોનિયમ, સીતાર, વાયોલીન, વાંસળી, સારંગી

2) વાદનના પ્રકારમાં સંગીતની શૈલી, સૂર-તાલ અને ઢાળ જળવાય રહે તે આવશ્યક છે.
3) સ્પર્ધકે વગાડવાના વાધો સાથે લાવવાના રહેશે આયોજક દ્વારા તે પૂરા પાડવામાં આવશે નહી.

4) કોલ આપ્યા બાદ ૨ મિનિટમાં રજૂઆત માટે સ્પર્ધક ઉપસ્થિત થશે નહી તો તે સ્પર્ધા માટે ગેરલાયક ઠરશે જે અંગેનો આયોજકોનો નિર્ણય આખરી ગણાશે.
5) વાદન સ્પર્ધામાં વિવિધ વાદ્યો વગાડનાર સ્પર્ધકોમાંથી નિણાર્યકે ત્રણ શ્રેષ્ઠ વાદકને પસંદગી ક્રમ આપવાનો રહેશે.
6) લોકવાદ્યોની રજૂઆતમાં વેશભૂષાને ધ્યાને લેવામાં આવશે નહીં.
7) દરેક સ્પર્ધક વાંજિત્રોની ગોઠવણી માટે સહાયક લઇ શકાશે પરંતુ સ્પર્ધકે એક જ વાદ્ય વગાડવાનું રહેશે. સ્પર્ધકની સાથે સહાયક સાથે વાદ્ય વગાડી શકશે નહી. જે માટે ૫ મિનિટનો સમય આપવામાં આવશે આ સમયને વ્યવસ્થાના સમય તરીકે ગણવાનો રહેશે.
8) નિર્ણાયકોનો નિર્ણય આખરી ગણાશે.

**ગુણાંકન પત્રક**

| રાગ / તાલ ની પસંદગી | વાજિંત્ર પર પ્રભુત્વ | સ્વર / સુરીલાપણું / લય | સમગ્ર છાપ | કુલ |
|---|---|---|---|---|
| 20 | 20 | 30 | 30 | 100 |

નિયામક
જીસીઇઆરટી
ગાંધીનગર

નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગાંધીનગર

નિયામક
કમિશ્નર શાળાઓની કચેરી
ગાંધીનગર

નકલ સવિનય રવાના
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ), બ્લોક-૫/૭, નવા સચિવાલય, ગાંધીનગર
- કમીશ્નરશ્રી, શાળાઓની કચેરી, બ્લોક-૧૦, જુના સચિવાલય, ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સર્વ શિક્ષા અભિયાન કચેરી, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક-૧૨/૧, જુના સચિવાલય, ગાંધીનગર

सत्यमेव जयते

પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

17921-18021
ક્રમાંક : જીસીઈઆરટી/સીએન્ડઇ/2022—23
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન', સેક્ટર-12, ગાંધીનગર
ફોન : (079) 23256813-39
નિયામક : (079) 23256808
સચિવ : (079) 23256813
e-mail : director-gcert@gujarat.gov.in
Web : www.gcert.gujarat.gov.in
તારીખ : 16/06/2023

17 JUN 2023

પ્રતિ,

પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ, ગુજરાત

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ, ગુજરાત

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ, ગુજરાત

શાસનાધિકારીશ્રી,તમામ

**વિષયઃ નિપુણ ભારત અંતર્ગત ધોરણ ૧ થી ૮માં વાર્તા સ્પર્ધાના આયોજન બાબત**

**સંદર્ભઃ ૧. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ જશભ/૧૨૨૦૨૧/સીંફ્ર-૧૧/ન તા. ૩૧/૦૧/૨૦૨૨**

**૨. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ જશભ/૧૨૨૦૨૨/૧૦૪/ન તા. ૫/૮/૨૦૨૨**

**3. તા. 15/06/2023ની શાખાનોંધ પર માન. નિયામકશ્રીની મળેલ મંજૂરી અન્વયે**

**શ્રીમાન,**

ઉપર્યુકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 ના પ્રકરણ ૪ (શાળાઓમાં અભ્યાસક્રમ અને શિક્ષણશાસ્ત્ર)નાં મુદ્દા નંબર-૪.૬ મુજબ "વાર્તાકથન આધારિત શિક્ષણશાસ્ત્રને એક માપદંડ આધારિત શિક્ષણશાસ્ત્ર તરીકે જોવામાં આવશે." જે શિક્ષણમાં વાર્તાને મહત્વનું સ્થાન આપવાની ભલામણ દર્શાવે છે. આ ઉપરાંત રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ ના પ્રકરણ ૨ અને ૪ માં દર્શાવ્યા મુજબ, વિદ્યાર્થીઓ પાયાગત વાચન-લેખન-ગણન કૌશલ્યોમાં નિપુણતા મેળવે તે માટે ભારત સરકાર દ્વારા 'NIPUN Bharat Mission' નો દેશવ્યાપી અમલ શરૂ થયો છે. આ મિશન અંતર્ગત નિયત થયેલ અધ્યયન નિષ્પત્તિઓ અને અધ્યયન અધ્યાપન પ્રક્રિયામાં પણ વાર્તાઓના મહત્વનો સ્વીકાર થયો છે. બીજું કે ગુજરાત રાજ્યમાં વર્ષ ૨૦૨૨-૨૩ ને 'બાળવાર્તા વર્ષ' તરીકે અને ગિજુભાઈ બધેકાના જન્મદિવસ ૧૫ નવેમ્બરને પ્રતિવર્ષ 'બાળવાર્તા દિન' તરીકે ઊજવવાનું ઠરાવવામાં આવેલ છે.

આ અંતર્ગત ચાલુ વર્ષે જીસીઈઆરટી દ્વારા જે સંદર્ભે શાળા કક્ષાએ, તાલુકા કક્ષાએ, બ્લોક કક્ષાએ, જિલ્લા કક્ષાએ , ઝોન કક્ષાએ તેમજ રાજ્ય કક્ષાએ 'નિપુણ ભારત અંતર્ગત બાળવાર્તા કાર્યક્રમ'નું આયોજન કરેલ છે. જે સંદર્ભે નીચેની સૂચનાઓ અને સામેલ સ્પર્ધાના સમયગાળાને ધ્યાને લઇ જિલ્લાકક્ષાએથી જરૂરી આયોજન કરવા જણાવવામાં આવે છે.

1. સદર કાર્યક્રમના સુચારુ આયોજન સારુ ગત વર્ષની માફક <u>કલાઉત્સવની સ્પર્ધાઓની</u> સાથે સાથે શાળામાં, તાલુકા કક્ષાએ, બ્લોકકક્ષાએ, જિલ્લાકક્ષાએ, ઝોનકક્ષાએ તેમજ રાજ્ય કક્ષાએ વાર્તા કાર્યક્રમનું આયોજન કરવાનું રહેશે.
2. રાજ્યમાં આવેલ તમામ સરકારી પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં વાર્તાસ્પર્ધાનું આયોજન **ફરજિયાત** કરવાનું રહેશે.
3. આ સારુ તમામ જિલ્લાના ડાયેટ પ્રાચાર્ય, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, શાસનાધિકારીશ્રીઓએ સંકલનથી કાર્ય કરવાનું રહેશે.
4. વાર્તા કાર્યક્રમના ભાગરૂપે **ધોરણ 1 થી 5 માં વાર્તાકથન અને ધોરણ 6 થી 8 વાર્તાલેખન (નિર્માણ) સ્પર્ધાનું** આયોજન કરવાનું રહેશે.
5. આ સ્પર્ધા ત્રણ વિભાગમાં યોજવામાં આવશે.

| ક્રમ | વિભાગ | લાભાર્થી જૂથ | સ્પર્ધાનું નામ |
|---|---|---|---|
| વિભાગ-૧ | પ્રારંભિક વિભાગ (ફાઉન્ડેશનલ સ્ટેજ) | ધોરણ – ૧ અને ૨ના વિદ્યાર્થીઓ માટે | વાર્તાકથન સ્પર્ધા (વિદ્યાર્થીની મનપસંદ વાર્તા) |
| વિભાગ-૨ | પ્રાથમિક વિભાગ ( પ્રિપેરેટરી સ્ટેજ) | ધોરણ – ૩ થી ૫ ના વિદ્યાર્થીઓ માટે | વાર્તાકથન સ્પર્ધા ('વાર્તાનો વડલો' પુસ્તક પૈકીની વાર્તાઓ) |
| વિભાગ-3 | ઉચ્ચ પ્રાથમિક વિભાગ(મિડલ સ્ટેજ) | ધોરણ – ૬ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે | વાર્તાલેખન (નિર્માણ) સ્પર્ધા (પરિસ્થિતિ આધારિત શબ્દો પરથી વાર્તા નિર્માણ) |

1) શાળા કક્ષાની સ્પર્ધા : <u>કલાઉત્સવની સ્પર્ધાઓની સાથે સાથે શાળાકક્ષાએ વાર્તા કથન તથા વાર્તાલેખન (નિર્માણ) સ્પર્ધાનું આયોજન કરવાનું રહેશે.</u> શાળા કક્ષાએ પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમના સ્પર્ધકને પસંદ કરવાના રહેશે અને તે પૈકી દરેક વિભાગમાંથી માત્ર પ્રથમ ક્રમના વિજેતા સ્પર્ધકની એન્ટ્રી સી.આર.સી કક્ષાએ મોકલવાની રહેશે. <u>શાળા કક્ષાની સ્પર્ધા માટે અત્રેથી કોઈપણ પ્રકારની ગ્રાન્ટની જોગવાઈ કરવામાં આવેલ નથી.</u>

2) ક્લસ્ટર (સી.આર.સી.) કક્ષાની સ્પર્ધા : <u>કલાઉત્સવની સ્પર્ધાઓની સાથે સાથે ક્લસ્ટર કક્ષાએ વાર્તા કથન તથા વાર્તાલેખન (નિર્માણ) સ્પર્ધાનું આયોજન કરવાનું રહેશે.</u> ક્લસ્ટર કક્ષાએ શાળાઓમાંથી વિવિધ સ્પર્ધાઓ માટે આવેલ પ્રથમ ક્રમના સ્પર્ધકોની એન્ટ્રીને આધારે સ્પર્ધાઓ યોજી સી.આર.સી.

કોર્ડિનેટરે યાદી પૈકી પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમના સ્પર્ધકની પસંદગી કરવાની રહેશે. દરેક વિભાગમાંથી માત્ર પ્રથમ ક્રમના વિજેતા સ્પર્ધકની એન્ટ્રી તાલુકા (બી.આર.સી.) કક્ષાની સ્પર્ધા માટે મોકલવાની રહેશે. <u>ક્લસ્ટર (સી.આર.સી.) કક્ષાની સ્પર્ધા માટે અત્રેથી કોઈપણ પ્રકારની ગ્રાન્ટની જોગવાઈ કરવામાં આવેલ નથી.</u>

3) તાલુકા કક્ષાની સ્પર્ધા : <u>કલાઉત્સવની સ્પર્ધાઓની સાથે સાથે તાલુકામાં વાર્તા કથન તથા વાર્તાલેખન (નિર્માણ) સ્પર્ધાનું આયોજન કરવાનું રહેશે.</u> તાલુકા કક્ષાએ ક્લસ્ટરમાંથી બંન્ને સ્પર્ધાઓ માટે આવેલ પ્રથમ ક્રમના સ્પર્ધકોની એન્ટ્રીને આધારે સ્પર્ધાઓ યોજી તે પૈકી પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમના સ્પર્ધકની પસંદગી કરવાની રહેશે અને તે પૈકી દરેક વિભાગમાંથી **માત્ર પ્રથમ ક્રમના વિજેતા સ્પર્ધકની** એન્ટ્રી જિલ્લા કક્ષાની સ્પર્ધા માટે મોકલવાની રહેશે. તાલુકા કક્ષાની સ્પર્ધાનું સંકલન તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી અને બી.આર.સી.કો.ઓ સાથે રહી કરવાનું રહેશે. <u>તાલુકા (બી.આર.સી.) કક્ષાની સ્પર્ધા માટે ગ્રાન્ટની ફાળવણી અત્રેથી કરવામાં આવશે.</u>

4) જિલ્લા કક્ષાની સ્પર્ધા : <u>કલાઉત્સવની સ્પર્ધાઓની સાથે સાથે જિલ્લાકક્ષાએ વાર્તા કથન તથા વાર્તાલેખન (નિર્માણ) સ્પર્ધાનું આયોજન કરવાનું રહેશે.</u> જિલ્લા કક્ષાએ તાલુકા કક્ષામાંથી બંન્ને સ્પર્ધાઓ માટે આવેલ પ્રથમ ક્રમના સ્પર્ધકોની એન્ટ્રીને આધારે સ્પર્ધાઓ યોજી તે પૈકી પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમના સ્પર્ધકની પસંદગી કરવાની રહેશે અને તે પૈકી દરેક વિભાગમાંથી માત્ર પ્રથમ ક્રમના વિજેતા સ્પર્ધકની એન્ટ્રી રાજ્ય કક્ષાએ મોકલવાની થાય. જિલ્લા કક્ષાની સ્પર્ધા ડાયેટ દ્વારા યોજવાની થાય. જિલ્લા <u>કક્ષાની સ્પર્ધા માટે ગ્રાન્ટની ફાળવણી અત્રેથી કરવામાં આવશે.</u>

5) ઝોન કક્ષાની સ્પર્ધા : <u>કલાઉત્સવની સ્પર્ધાઓની સાથે સાથે ઝોનકક્ષાએ વાર્તા કથન તથા વાર્તાલેખન (નિર્માણ) સ્પર્ધાનું આયોજન કરવાનું રહેશે.</u> ઝોન કક્ષાએ જિલ્લામાંથી બંન્ને સ્પર્ધાઓ માટે આવેલ પ્રથમ ક્રમના સ્પર્ધકોની એન્ટ્રીને આધારે સ્પર્ધાઓ યોજી તે પૈકી પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમના સ્પર્ધકની પસંદગી કરવાની રહેશે અને તે પૈકી વિભાગ 2 અને 3માંથી પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમના વિજેતા સ્પર્ધકની એન્ટ્રી ઝોન કક્ષાએ મોકલવાની રહેશે. ઝોન કક્ષાની સ્પર્ધા કલાઉત્સવ દ્વારા નિયત કરેલા ઝોનના જિલ્લા મુજબ યોજવાની રહેશે. <u>ઝોન કક્ષાની સ્પર્ધા માટે ગ્રાન્ટની ફાળવણી અત્રેથી હવે પછીથી કરવામાં આવશે.</u>

6) રાજ્ય કક્ષાની સ્પર્ધા : <u>કલાઉત્સવની સ્પર્ધાઓની સાથે સાથે રાજ્યકક્ષાએ વાર્તા કથન તથા વાર્તાલેખન (નિર્માણ) સ્પર્ધાનું આયોજન કરવામાં આવશે.</u> રાજ્ય કક્ષાએ ઝોન કક્ષામાંથી વિવિધ સ્પર્ધાઓ માટે આવેલ પ્રથમ ક્રમના સ્પર્ધકોની એન્ટ્રીને આધારે સ્પર્ધાઓ યોજી તે પૈકી પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમના સ્પર્ધકની પસંદગી કરવાની રહેશે અને તે પૈકી વિભાગ 2 અને 3માંથી પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમના વિજેતા સ્પર્ધકની એન્ટ્રી રાજ્ય કક્ષાએ મોકલવાની રહેશે. રાજ્ય

કક્ષાની સ્પર્ધા કલાઉત્સવ દ્વારા નિયત કરેલા જિલ્લા મુજબ યોજવામાં આવશે. <u>રાજ્ય કક્ષાની સ્પર્ધા માટે ગ્રાન્ટની ફાળવણી અત્રેથી હવે પછીથી કરવામાં આવશે.</u>

| ક્રમ | સ્પર્ધાની કક્ષા | પ્રથમ ઇનામ (રૂ.) | દ્વિતીય ઇનામ (રૂ.) | તૃતીય ઇનામ (રૂ.) |
|---|---|---|---|---|
| 1 | શાળા તથા ક્લસ્ટરકક્ષા | ---- | --- | ----- |
| 2 | તાલુકાકક્ષા (ધોરણ ૧ અને ૨) | 500 | 300 | 200 |
| | તાલુકાકક્ષા (ધોરણ ૩ થી ૫) | 500 | 300 | 200 |
| | તાલુકાકક્ષા (ધોરણ ૬ થી ૮) | 500 | 300 | 200 |
| 3 | જિલ્લાકક્ષા (ધોરણ ૧ અને ૨) | 1000 | 800 | 500 |
| | જિલ્લાકક્ષા (ધોરણ ૩ થી ૫) | 1000 | 800 | 500 |
| | જિલ્લાકક્ષા (ધોરણ ૬ થી ૮) | 1000 | 800 | 500 |
| 4 | ઝોન કક્ષા (ધોરણ ૩ થી ૫) | 1000 | 800 | 500 |
| | ઝોન કક્ષા (ધોરણ ૬ થી ૮) | 1000 | 800 | 500 |
| 5 | રાજ્ય કક્ષા (ધોરણ ૩ થી ૫) | 1000 | 800 | 500 |
| | રાજ્ય કક્ષા (ધોરણ ૬ થી ૮) | 1000 | 800 | 500 |

7) નિપુણ ભારત અંતર્ગત યોજવાની થતી બાળવાર્તા સ્પર્ધાઓ માટે <u>સ્પર્ધા દીઠ નીચે મુજબ ઇનામ</u> આપવાના રહેશે.

8) દરેક સ્પર્ધાના <u>આયોજન માટે સ્પર્ધાદીઠ</u> નીચે મુજબના ખર્ચની જોગવાઇ કરવાની થશે.

| વિગત | બીઆરસી | જિલ્લા |
|---|---|---|
| વિવિધ કક્ષાએ નિર્ણાયકના માનદવેતન | રૂ. 600 લેખે ( વિભાગ દીઠ કુલ 3 નિર્ણાયક રાખવા) (કુલ 9 નિર્ણાયક) | રૂ. 1000 લેખે (વિભાગ દીઠ કુલ 3 નિર્ણાયક રાખવા) (કુલ 9 નિર્ણાયક) |

| | | |
|---|---|---|
| રીફ્રેશમેન્ટ, સાહિત્ય અને અન્ય ખર્ચ | આયોજનની ગ્રાન્ટ એક CRC દીઠ રૂ.400/- પ્રમાણે | આયોજનની ગ્રાન્ટ એક BRC.દીઠ રૂ. 600/- પ્રમાણે |

9) જિલ્લા કક્ષા અને બી.આર.સી. કક્ષાની સ્પર્ધા માટે ડાયટ મારફતે ગ્રાંટનું વિતરણ કરવાનું રહેશે. સમગ્ર વાર્તા કાર્યક્રમ અને વાર્તાસ્પર્ધાનું આયોજન ડાયેટ કક્ષાએ ડી.આર.યુ. શાખાને અંતર્ગત કરવાનો રહેશે.

10) **આયોજન માટેનો સમયગાળોઃ**

- કલાઉત્સવની સ્પર્ધાઓના નીચે પ્રમાણેના આયોજન મુજબ વાર્તાકથન અને વાર્તાલેખન એમ બંને સ્પર્ધાઓ એક જ દિવસે આયોજિત કરવાની રહેશે.

| ક્રમ | સ્પર્ધાની કક્ષા | સમયગાળો |
|---|---|---|
| 1 | શાળા કક્ષાએ | તા. 10, જુલાઇ થી 17, જુલાઇ સુધી પૂર્ણ કરવી. |
| 2 | સીઆરસી કક્ષાએ | તા. 24, જુલાઇ થી 1 ઓગષ્ટ સુધી પૂર્ણ કરવી. |
| 3 | તાલુકા કક્ષાએ | તા.7 ઓગષ્ટ થી 14 ઓગષ્ટ સુધી પૂર્ણ કરવી. |
| 4 | જિલ્લા કક્ષાએ | તા.11 સપ્ટેમ્બરથી 22 સપ્ટેમ્બર સુધી પૂર્ણ કરવી. |
| 5 | ઝોન કક્ષાએ | તા.25 ઓક્ટોબરથી 30 સુધી ઓક્ટોબર સુધી પૂર્ણ કરવી. |
| 6 | રાજ્ય કક્ષાએ | તા. 1 ડિસેમ્બરથી 8 ડિસેમ્બર દરમિયાન યોજવામાં આવનાર છે. |

* વાર્તા સ્પર્ધાના આયોજન માટે જીસીઇઆરટી દ્વારા આપવામાં આવેલ સમય આયોજનનું ચુસ્ત રીતે પાલન કરવાનું રહેશે.

11) આ ઉપરાંત સદર વાર્તાસ્પર્ધા માટે પ્રત્યેક તબક્કે મૂલ્યાંકન સમિતિની રચના કરવાની રહેશે. મૂલ્યાંકન સમિતિના સભ્યોની પસંદગી માટે નીચે મુજબની બાબતો ધ્યાને લેવાની રહેશે .

| કક્ષા | વિવિધ વિભાગ (ધોરણ ૧ થી ૮) |
|---|---|
| તજજ્ઞોની પસંદગીનાં ધોરણો | વાર્તા સ્પર્ધા માટે- વાર્તાના જાણકાર શિક્ષક /નિવૃત્ત શિક્ષક કે બાળકેળવણીકાર, તાલુકા કક્ષાએ તાલુકાના જાણકાર, શિક્ષક /નિવૃત્ત શિક્ષક કે બાળકેળવણીકાર/ બાળસાહિત્યકાર, અને જિલ્લાકક્ષાએ જિલ્લાના જાણીતા વાર્તાકાર/સર્જક/ બાળસાહિત્યકારની પસંદગી કરવાની રહેશે. |
| શાળા કક્ષાએ | શાળાના આચાર્ય દ્વારા નક્કી કરશે. |
| ક્લસ્ટર કક્ષાએ | સી.આર.સી.કો.ઓ. દ્વારા નક્કી કરશે. |
| તાલુકા કક્ષાએ | તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી, અને બી.આર.સી. કો.ઓ. દ્વારા સાથે મળીને નક્કી કરશે. |
| જિલ્લા કક્ષાએ | ડાયેટ પ્રચાર્યશ્રી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/ શાસનાધિકારીશ્રી દ્વારા સાથે મળીને નક્કી કરશે. |
| ઝોન કક્ષાએ | વાર્તા સ્પર્ધા માટે- વાર્તાના જાણકાર શિક્ષક /નિવૃત્ત શિક્ષક કે બાળકેળવણીકાર/ બાળસાહિત્યકાર, જાણીતા વાર્તાકાર/સર્જક/ બાળસાહિત્યકારની પસંદગી કરવાની રહેશે. |
| રાજ્ય કક્ષાએ | વાર્તા સ્પર્ધા માટે- વાર્તાના જાણકાર શિક્ષક /નિવૃત્ત શિક્ષક કે બાળકેળવણીકાર/ બાળસાહિત્યકાર, જાણીતા વાર્તાકાર/સર્જક/ બાળસાહિત્યકારની પસંદગી કરવાની રહેશે. |

| | |
|---|---|
| | |

12) તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ, શાસનાધિકારીશ્રીઓ, જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ તથા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રાચાર્યશ્રીઓએ આ સ્પર્ધાઓને સફળ બનાવવા જિલ્લા કક્ષાએ કરવાની થતી કામગીરી પરસ્પર સંકલનમાં રહીને કરવાની રહેશે.

<u>આ કાર્યક્રમ સુચારૂ આયોજન સારૂ નીચે મુજબની સામાન્ય સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.</u>

(1) નિપુણ ભારત અંતર્ગત યોજાનાર વાર્તા સ્પર્ધામાં રાજ્યની સરકારી, આદર્શ નિવાસી શાળા, આશ્રમશાળા, કે.જી.બી.વી. વગેરે પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ ભાગ લઇ શકશે.

(2) શાળા કક્ષાએથી લઇને સી.આર.સી. કક્ષાએ, બી.આર.સી. કક્ષાએ, જિલ્લા કક્ષાએ ભાગ લેનાર વિદ્યાર્થીઓની સંખ્યાનું પત્રક નિભાવવાનું રહેશે.

(3) કાર્યક્રમ અંગેનો ફોટા સહિતનો અહેવાલ તૈયાર કરવાનો રહેશે.

(4) વાર્તા સ્પર્ધાનો હેતુ વિદ્યાર્થીઓમાં રહેલ મૌખિક ભાષા અભિવ્યક્તિ, કલ્પનાશીલતા અને સર્જનશીલતાના કૌશલ્યો વિકસાવવાનો છે. વિદ્યાર્થીઓ વચ્ચે સ્પર્ધા કરાવવાનો ઇરાદો નથી. સ્પર્ધાની જુદા જુદા ક્ષેત્રમાં વહેંચણી થયેલ હોઇ (શાળા, ક્લસ્ટર, તાલુકા, જિલ્લા, રાજય) આગળના તબક્કામાં સ્પર્ધકને મોકલી આપવા પુરતું વિદ્યાર્થીને ક્રમ આપવામાં આવે છે. આ પ્રક્રિયા દરમિયાન સ્પર્ધા અને આયોજનના સુચારું સંચાલન માટે આયોજકનો નિર્ણય આખરી ગણાશે અને તે દરેક સ્પર્ધકને બંધનકર્તા રહેશે.

- વાર્તાકથન સ્પર્ધા (ધોરણ ૧ થી ૫) (બે વિભાગમાં)

  <u>જરૂરી સૂચનાઓ</u>

(1) વાર્તાકથન માટે ધોરણ 1 અને 2માં વિદ્યાર્થીની મનપસંદ બાળવાર્તામાંની કોઇપણ એક તેમજ ધોરણ 3 થી 5માં 'વાર્તાનો વડલો' પુસ્તકમાંની કોઈપણ એક બાળવાર્તા રજૂ કરવાની રહેશે.

(2) સ્પર્ધકને કોલ આપ્યા બાદ ૨ મિનિટમાં રજૂઆત માટે ઉપસ્થિત થશે નહીં તો તે સ્પર્ધા માટે ગેરલાયક ઠરશે જે અંગેનો આયોજકોનો નિર્ણય આખરી ગણાશે.

(3) સ્પર્ધાનો સમયગાળો વિદ્યાર્થીદીઠ મહત્તમ ૫ મિનિટનો રહેશે.

(4) વાર્તા એ શબ્દચિત્ર છે ચલચિત્ર નથી, આથી વાર્તાકથન એકપાત્રિય અભિનય ન બની જાય તેની કાળજી રાખવી.

(5) નિર્ણાયકોનો નિર્ણય આખરી ગણાશે.

<u>સૂચિત ગુણાંકન પત્રક (વાર્તા કથન)</u>

| વાર્તાની પસંદગી અને કથાવસ્તુ | આરોહ-અવરોહ | ચહેરાના હાવભાવ | રજૂઆતની શૈલી અને આત્મવિશ્વાસ | સમગ્ર છાપ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧૦ | ૧૦ | ૧૦ | ૧૦ | ૧૦ | ૫૦ |

- <u>વાર્તાલેખન (નિર્માણ) સ્પર્ધા (ધોરણ ૬ થી ૮)</u>

<u>જરૂરી સૂચનાઓ</u>

(1) વાર્તાલેખન માટે વિશેષણયુક્ત કેટલાંક શબ્દો આપવામાં આવશે. આ શબ્દો કોઈ પાત્રો, સ્થળ, પરિસ્થિતિ કે ભાવનો નિર્દેશ કરતા હોય તેવા હોઈ શકે. જેમકેઃ દયાળુ કાગડો, તોફાની એલીયન, રડતી ચકલી, ભરચક બજાર,ઝરમર વરસાદ..જેવા તમામ શબ્દોનો ઉપયોગ કરી વાર્તા બનાવીને લેખન કરવાનું રહેશે.

(2) આ શબ્દો સ્પર્ધાના સમયે જ સ્પર્ધકોને બોર્ડ પર લખી આપવામાં આવશે. તેનો ઉપયોગ કરીને સ્પર્ધકે પોતાની રીતે ઓછામાં ઓછા પંદર થી વીસ વાક્યોની વાર્તા બનાવવાની રહેશે.

(3) વાર્તા નિર્માણ અને લેખન માટે મહત્તમ **૨૦ મિનિટનો સમય** આપવાનો રહેશે.

(4) આ માટે સ્પર્ધકોને સપ્લીમેન્ટરી સ્પર્ધાના સ્થળેથી આયોજક તરફથી આપવામાં આવશે.

(5) કાળી અથવા વાદળી શાહીની પેનથી વાર્તાલેખન કરવાનું રહેશે. જે સ્પર્ધકે લઈને આવવાનું રહેશે.

(6) શાળા કક્ષાની વાર્તા લેખન સ્પર્ધા માટેના શબ્દો મુખ્યશિક્ષક અને ભાષાના શિક્ષક દ્વારા મળીને આપવાના રહેશે.

(7) સી.આર.સી. કક્ષાની વાર્તાલેખન સ્પર્ધા માટેના વિશેષણયુક્ત શબ્દો સી.આર.સી. અને પે સેન્ટર શાળાના આચાર્ય અને ક્લસ્ટરના બે અનુભવી અને નિષ્ણાંત ભાષાશિક્ષક દ્વારા મળીને આપવાના રહેશે.

(8) બી.આર.સી. કક્ષાની વાર્તાલેખન સ્પર્ધા માટેના વિશેષણયુક્ત શબ્દો સ્પર્ધાના દિવસે જિલ્લા (ડાયેટ) કક્ષાએથી આપવાના આવશે. .

(9) જિલ્લાકક્ષાની, ઝોન કક્ષાની તેમજ રાજ્યકક્ષાની વાર્તાલેખન સ્પર્ધા માટેના શબ્દો સ્પર્ધાના દિવસે રાજ્ય (જીસીઈઆરટી) કક્ષાએથી આપવામાં આવશે.

(10) નિર્ણાયકોનો નિર્ણય આખરી ગણાશે.

<u>સૂચિત ગુણાંકન પત્રક (વાર્તાલેખન)</u>

| વાર્તાનું વિષયવસ્તુ | ભાષા સજ્જતા અને ભાષાશુદ્ધિ | મૌલિકતા | લેખનશૈલી | સમગ્ર છાપ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧૦ | ૧૦ | ૧૦ | ૧૦ | ૧૦ | ૫૦ |

<u>**એન્ટ્રી ફોર્મનો નમૂનો**</u>

સ્પર્ધાની કક્ષાઃ શાળા/ ક્લસ્ટર/ તાલુકા/ જિલ્લા કક્ષા

| વિભાગ | વિભાગનું નામ | સ્પર્ધાનું નામ | પ્રથમ વિજેતાનું નામ | જન્મતારીખ | ધોરણ | શાળાનું નામ | સી.આર.સી. | તાલુકો | જિલ્લો | આચાર્યનો સંપર્ક નંબર |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| (૧) | ફાઉન્ડેશનલ સ્ટેજ | વાર્તા કથન | | | | | | | | |
| (૨) | પ્રિપેરેટરી સ્ટેજ | વાર્તા કથન | | | | | | | | |
| (૩) | મિડલ સ્ટેજ | વાર્તા નિર્માણ | | | | | | | | |

ઉપરોક્ત બાબતોને ધ્યાને લઇ જરૂરી કાર્યવાહી કરવા આથી આપને જણાવવામાં આવે છે.

(ડી.એસ. પટેલ)
નિયામક
જીસીઈઆરટી, ગાંધીનગર

નકલ સવિનય રવાના :

- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સર્વ શિક્ષા અભિયાન કચેરી, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક-૧૨/૧, જુના સચિવાલય, ગાંધીનગર